**<u>દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની કારોબારી બેઠક તા.૨૮/૧૨/૨૦૦૮નાં રવિવારના રોજ રોકડીયા હનુમાન મંદિર, ગુણસદા તા.સોનગઢ જિ. સુરત ખાતે રાખવામાં આવેલ હતી જેની કાર્યવાહી નોંધઃ-</u>**

**એજન્ડા નં.- ૪** **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજની તા.૧૨/૧૦/૨૦૦૮ રવિવારના રોજ સિણધઈ તા. વાંસદા જિ. નવસારી ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.**

**ઠરાવ નં.- ૧** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની કારોબારીની બેઠક તા.૧૨/૧૦/૨૦૦૮ના રોજ સિણધઈ તા. વાંસદા જિ. નવસારી ખાતે મળેલ હતી જેની કાર્યવાહી નોંધની ફાઈલ સભ્યોને આપવામાં આવી હતી. જે વંચાણે લઈ થયેલા તમામ ઠરાવો સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યાં.

**એજન્ડા નં.- ૫** **ફેડરેશનની જુદી જુદી કામગીરીની સમીક્ષા કરવા બાબત.**

**ઠરાવ નં - ૨** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના બૃહદ્ ઉદ્દેશોને પરિપુર્ણ કરવા માટે ફેડરેશનના બંધારણની જોગવાઈ મુજબ જુદી જુદી ૧૭ જેટલી સમિતીઓની રચના કરવામાં આવેલ છે. અને આ સમિતીઓમાં સભ્યોને સ્વૈચ્છાએ કામગીરી કરવા સમંતિ મેળવીને સમિતીઓનું ગઠન કરવામાં આવેલ છે. ફેડરેશનની જુદી જુદી સમિતીઓની કામગીરી સંદર્ભમાં સમિતીના કન્વીનરશ્રીઓ તથા સભ્યોને સમયાંતરે પત્રો પાઠવીને સમિતીની કામગીરી સંદર્ભમાં તેમનાં સૂચનો તથા કામગીરી સુચવવા જણાવેલ છે. પરંતુ સામાજીક ન્યાય સમિતી તથા ખેડૂત ઉત્કર્ષ સમિતી સિવાય અન્ય સમિતીઓ કાર્યરત થયેલ હોવાનું જણાતું નથી. જેથી આજની બેઠકમાં તમામ સમિતીના સભ્યોને તેમની સમિતીની કાર્યસૂચિ બનાવવા તથા બેઠકો બોલાવવા જણાવવું તથા અન્ય સભ્યોને પણ આ સમિતીઓમાં જોડાવા જણાવવું.

ઉપરાંત ગત બેઠકમાં ચર્ચા થયા અનુસાર આપત્તિ વ્યવસ્થાપન સમિતીને આગામી બેઠકમાં આ અંગેનાં નિયમો - સહાયતાં ધારાધોરણો તથા ફોર્મ વગેરે નિયત કરવા જણાવવું. અને આ અંગેનાં નિયમો આગામી સાધારણસભામાં મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં.- ૬** **ફેડરેશનના તા.૦૨/૧૧/૨૦૦૮ના રોજ વ્યારા ખાતે મળેલ સમાજનાં સ્નેહસંમેલન તથા તેજસ્વી તારલાઓના સન્માન કાર્યક્રમની સમીક્ષા કરવા બાબત.**

**ઠરાવ નં. - ૩** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ તથા વ્યારા ચૌધરી સમાજનાં સંયુકત ઉપક્રમે વ્યારા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ખાતે સમાજનું સ્નેહ સંમેલન તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ રાખવામાં આવેલ હતો. જેની નીચે મુજબ સમીક્ષા કરવામાં આવી.

સૌ પ્રથમતો વ્યારા ચૌધરી સમાજનો યજમાનપદ સ્વીકારવા બદલ આભાર

વ્યકત કરવામાં આવ્યો. તથા ફેડરેશન સાથે સંકળાયેલા તમામ - ૧૦ સમાજોએ તેમને સોંપવામાં આવેલ કામગીરીમાં  સંપુર્ણ સહયોગ આપીને સમારંભને સફળ બનાવવા બદલ તમામનો આભાર માનવામાં આવ્યો.

આ સમારંભ સંદર્ભમાં મળેલા સૂચનો પૈકી આમંત્રણ પત્રિકામાં મહાનુભાવોનો નામો લખતી વખતે પ્રોટોકોલ જાળવવા સૂચન મળેલ છે. જેની નોંધ લેવામાં આવી.

તેજસ્વી વિદ્યાર્થીઓ પાસેથી માર્કશીટ મેળવવા માટે પુરતો પ્રચારનો અભાવ તથા વ્યવસ્થાતંત્રનો અભાવ જેવા સૂચનો મળ્યા હતા. જેથી હવે ફેડરેશન સાથે સંકળાયેલા તમામ સમાજોનાં મંત્રીશ્રીઓને આ કામગીરી સોંપવાનું નકકી કરવામાં આવ્યું. તથા ગ્રામ્ય વિસ્તારોમાં ફેડરેશનના જે તે તાલુકાના કારોબારી સભ્યને જવાબદારી સોંપવાનું નકકી કરવામાં આવ્યું.

આ અંગેના સંકલનની તમામ જવાબદારી ફેડરેશનની " વિદ્યાર્થી ઉત્કર્ષ " સમિતીને સોંપવાનું પણ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અંતમાં સ્નેહસંમેલન તથા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ તમામનો ફરીથી આભાર વ્યકત કરવામાં આવ્યો.

**એજન્ડા ન.- ૭ સભ્ય નોંધણી ઝુંબેશ તથા ગ્રામ સમિતીઓની રચના કરવાની કામગીરીની સમીક્ષા કરવા બાબત.**

**ઠરાવ નં.- ૪** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં સભ્યો નોંધણી માટે જે સક્રિય સભ્યો/હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને સભ્ય નોંધણી બુકો વિતરણ કરવામાં આવેલ છે. તેની વિગતો એકત્ર કરવામાં આવી તથા ગત વાર્ષિક સાધારણ સભામાં સભ્ય નોંધણીનો લક્ષાંક રાખવામાં આવેલ છે.તે સિધ્ધ કરવા બધાએ મહેનત કરવા જણાવવામાં આવ્યું.

ગ્રામ સમિતીઓની રચના કરવા માટે માંગરોળ પ્રદેશ ચૌધરી સમાજએ જે કામગીરી બજાવેલ છે. તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી તથા ગ્રામ સમિતીઓ રચવા માટે નીચે મુજબની પ્રક્રિયા હાથ ધરવી. તથા તે અંગે નિયત કરેલ ફોર્મમાં વિગતો ભરવા સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

અ/બ લેવું

ગ્રામ સમિતીઓની રચના કરવા માટે જે હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને જે તાલુકામાં પ્રભારી બનાવવામાં આવ્યા છે. તેમણે તા.૩૧/૧૨/૦૮ જેમણે તા.૩૧/૧૨/૨૦૦૮ સુધીમાં કાર્યવાહી પુર્ણ નથી કરી તેમણે આગામી વાર્ષિક સાધારણસભા મળે તે પહેલા માહે મે-૨૦૦૯ સુધીમાં કાર્યવાહી પુર્ણ કરવા પણ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં.– ૮ સોનગઢ તાલુકા ચૌધરી સમાજમાંથી બે સભ્યોનો ફેડરેશનની કારોબારીમાં સમાવેશ કરવા બાબત.**

**ઠરાવ નં.– ૫** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના બંધારણની જોગવાઈ મુજબ જયાં ચૌધરી સમાજની રચના નથી થઈ થેવા ચૌધરી સમાજની વસ્તીવાળા તાલુકા પ્રદેશોમાંથી બે સભ્યોને કારોબારીમાં સમાવેશ કરવાનું ઠરાવેલ છે. તે મુજબ સોનગઢ પ્રદેશમાંથી કારોબારી બેઠકમાં હાજર રહેલા સભ્યોએ નીચે મુજબના બે સભ્યોની ફેડરેશનની કારોબારીમાં સભ્યો તરીકે સર્વાનુમતે નિમણુંકો કરવામાં આવી.

(૧) શ્રી લલ્લુભાઈ કે. ચૌધરી મુ. ઉમલદા તા. સોનગઢ જિ. તાપી
દ. મુ. શ્રી જીતેન્દ્રભાઈ ચૌધરી
ટે. આ. શ્રી કેશવભાઇ ચૌધરી

(૨) શ્રી કેશવભાઈ આર. મુ. ધજાંબા તા. સોનગઢ જિ. તાપી
દ. મુ. શ્રી અનિશભાઈ ચૌધરી
ટે. આ. શ્રી લલ્લુભાઈ ચૌધરી

આ બન્ને સભ્યોને ફેડરેશનની કારોબારીમાં સર્વાનુમતે આવકારીને સમાવેશ કરવામાં આવ્યો.

**એજન્ડા નં.– ૯ ફેડરેશનની કારોબારીમાં બે મહિલા સભ્યોનો સમાવેશ કરવા બાબત.**

**ઠરાવ નં. – ૬** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની કારોબારીમાં ૫ (પાંચ) જગ્યાઓ આરક્ષિત રાખવામાં આવેલ છે. જે પૈકી ૨(બે) જગ્યાઓ ભરાયેલ છે. હજી ૩(ત્રણ) જગ્યાઓ ખાલી છે. આજની બેઠકમાં આમંત્રિત તરીકે ઉપસ્થિત રહેલા શ્રીમતી કલ્પનાબેન એસ. ચૌધરી મુ. પો. મઢી તા. બારડોલી જિ. સુરતએ સ્વેચ્છાએ ફેડરેશનની કારોબારીમાં મહિલા પ્રતિનિધિ તરીકે જોડાવાની અને કામ કરવાની ઈચ્છા દર્શાવેલ હોઈ તેમને કારોબારીમાં મહિલા સભ્ય તરીકે સમાવેશ કરવા શ્રી પ્રભુદાસ બી. ચૌધરીએ દરખાસ્ત મુકતા શ્રી બી. આર. ચૌધરીએ ટેકો આપતા શ્રીમતી કલ્પનાબેન એસ. ચૌધરીનો ફેડરેશનની કારોબારીમાં મહિલા સભ્ય તરીકે સર્વાનુમતે સમાવેશ કરવામાં આવ્યો.

**એજન્ડા નં.– ૧૦ ભારતીય આદિજાતિ ચૌધરી સમાજ વાંકલને ફેડરેશનમાં સંસ્થા સભ્ય તરીકે દાખલ કરવા મળેલ અરજી/ઠરાવ અન્વયે આખરી નિર્ણય લેવા બાબત.**

**ઠરાવ નં. – ૭** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં સંસ્થા સભ્ય થવા અંગેની જોગવાઈ સંદર્ભમાં ભારતીય ચૌધરી સમાજ વાંકલએ તા. ૦૭/૧૦/૨૦૦૭ના ઠરાવથી અને તા.૨૪/૦૫/૨૦૦૮ની રશીદ નં. ૧૨૦૬ રૂ. ૫૦૬/- સંસ્થા સભ્ય ફી ભરીને ફેડરેશનમાં સંસ્થા સભ્ય તરીકે જોડાવા ઠરાવ રજુ કરેલ હતો. જે અન્વયે ફેડરેશનનાં મહામંત્રીએ ભારતીય આદિજાતિ ચૌધરી સમાજ વાંકલનાં પ્રમુખશ્રી નાનુભાઈ જેઠાભાઈ

ચૌધરીને પાછળની બે કારોબારીઓ તા.૧૩/૦૭/૦૮ અને તા.૧૨/૧૦/૦૮માં હાજર રહી આદિજાતિ ચૌધરી સમાજ વાંકલનું બંધારણ તથા કારોબારી સમિતી અને નોંધાયેલા સભ્યોની યાદી રજુ કરવા જણાવેલ હતું. પરંતુ તેઓ હાજર રહી માહિતી રજુ કરી શકયા ન હતા. આજ રોજની બેઠકમાં પણ તેમને ઉપરોકત વિગતો સાથે ઉપસ્થિત રહેવા તા.૨૧/૧૨/૨૦૦૮ના પત્રથી જાણ કરવામાં આવેલ હતી. પરંતુ હાજર રહેલ ન હતા જેથી તેમને ફેડરેશનમાં સંસ્થા સભ્યપદ આપવા અંગેનો નિર્ણય લેવા ચર્ચા દરમિયાન ત્રણ તકમાં હાજર ન રહેવાથી હવે અરજી દફતરે કરવી કે એક વધુ તક આપવી તે અંગે ચર્ચા કરતા શ્રી કિશોરભાઈ આર. ચૌધરી ઉપપ્રમુખશ્રી ફેડરેશનએ ભારતીય આદિજાતિ ચૌધરી સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી અગત્યના અંગત કામે બહાર જનાર હોવાથી ઉપસ્થિત રહી શકયા નથી. તેમને હજી એક વધુ તક આપવી જોઈએ તેવી રજુઆત કરતાં આગામી કારોબારીની બેઠકમાં વધુ એક તક આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં.–૧૧** **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનુ નામ બદલીને " ફેડરેશન " શબ્દની જગ્યાએ મહાસંઘ શબ્દનો સુધારો કરવા બાબત. (એજન્ડા સુચવનાર શ્રી નટુભાઈ ડી. ચૌધરી ગાંધીનગર)**

**ઠરાવ નં. – ૮** દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)ના નામે મદદનીશ ચેરીટી કમિશનરશ્રી, સુરતએ ફેડરેશનનું રજીસ્ટ્રેશન કરીને માન્યતા આપી છે. આપણી મુળ દરખાસ્ત દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)ની હતી જેથી આજ નામ રાખવા પુનઃ દરખાસ્ત રજુ કરવી જોઈએ. તેવો મુદ્દો નટુભાઈ ડી. ચૌધરીએ બારડોલી ખાતે તા.૦૫/૦૫/૨૦૦૮ના રોજ મળેલ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભામાં પ્રમુખ સ્થાનેથી એજન્ડા નં. ૧૨(૪) થી રજુ કરેલ હતો. અને ફેડરેશનનું નામ " મહાસંઘ " શા માટે રાખવું જોઈએ તે અંગે વિસ્તૃત ખ્યાલ તેમણે આપ્યો હતો. જેનો ઠરાવ નં. ૯થી નોંધ થયેલ છે.

ફેડરેશનના મહામંત્રીશ્રીએ મદદનીશ ચેરીટી કમિશનરશ્રી, સુરતએ શા માટે " મહાસંઘ " શબ્દની મંજુરીના આપી અને આ શબ્દની જગ્યાએ " ચેરીટેબલ ટ્રસ્ટ " શબ્દ કેમ ઉમેરાવ્યો તેની વિસ્તૃત સમજુતી આપી હતી. જેથી વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલા બહુમતી સભ્યોએ હાલ રજીસ્ટ્રેશન મુજબનું નામ ચાલુ રાખવુ અને બંધારણ સુધારાણા સમિતીનો અહેવાલ મેળવીને આગામી વાર્ષિક સાધારણ સભામાં ચર્ચામાં મૂકીને નિર્ણય લેવા ઠરાવેલ હતું.

શ્રી નટુભાઈ ચૌધરીએ ફરીથી આ ઠરાવ રજુ કરવા લેખિત પત્ર આપેલ હોવાથી આજની કારોબારીમાં આ મુદ્દા અન્વયે ફરીથી ચર્ચા કરવામાં આવી. કારોબારીએ આ મુદ્દા અન્વયે બંધારણ સુધારણા સમિતીનો અહેવાલ મેળવીને આગામી વાર્ષિક સાધારણ સભામાં વિસ્તૃત ચર્ચા કરીને ૨/૩ બહુમતીથી ઠરાવ પસાર કરીને નામ બદલવા માટે

ફેરફાર રિપોર્ટ હજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં.– ૧૨** **પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુદ્દાઓની ચર્ચા.**

**એજન્ડા નં.–૧૨ (૧)** **પોસ્ટેજ ખર્ચ તથા ઝેરોક્ષ ખર્ચ માટે રૂ. ૧૦,૦૦૦/- બેંકમાંથી ઉપાડવા મહામંત્રીને મંજુરી આપવા બાબત.**

**ઠરાવ નં. – ૯** દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ ફેડરેશનના સમાજના સભ્યો તથા જુદી જુદી કચેરીઓ સાથ પત્ર વ્યવહાર કરવા માટે રૂ. ૫૦૦૦/-ની ટપાલ ટીકીટો ખરીદવા તથા રૂ. ૫,૦૦૦/-ની મર્યાદામાં ઝેરોક્ષ ખર્ચ કરવા માટે મહામંત્રીશ્રીએ રજુઆત કરતા સર્વાનુમતે ઉપર મુજબ ખરીદી/ખર્ચ કરવા રૂ. ૧૦,૦૦૦/- બેંકમાંથી ઉપાડવા મહામંત્રીને મંજુરી આપવામાં આવી.

**એજન્ડા નં.–૧૨ (૨)** **સિનિયર સિટીઝન પેન્શનરોની યોજનાનો લાભ અપાવવા ફેડરેશનના સભ્યોએ સહયોગ આપવા બાબત.**

**ઠરાવ નં. ૧૦** ભારત સરકારએ હાલમાં સિનિયર સિટીઝન ૬૫ વર્ષના બી. પી. એલ. કુંટુંબના વૃધ્ધોને પેન્શનની યોજના દાખલ કરેલ છે. જેમાં બી. પી. એલ. યાદીના આધારે ફોર્મ ભરવાથી આ યોજનાનો લાભ મળે છે તે મુજબની વિસ્તૃત સમજુતી સહિતની રજુઆત લાલસિંગ બી. ચૌધરીએ કરી..

આ યોજનાનો લાભ અભણ અને વૃધ્ધો વધુને વધુ લઈ શકે તથા તેમને સરળતાથી માર્ગદર્શન અને સહયોગ મળી શકે તે હેતુથી ગામવાર પ્રસિધ્ધ થયેલ બી.પી.એલ. યાદીઓની ચકાસણી કરીને આ એક ઉમદા કાર્ય હોઈ લાભાર્થી ઉમેદવારોનો સંપર્ક કરીને ફોર્મ ભરાવી આપવાની કાર્યવાહી ફેડરેશનનાં હોદ્દેદારો, કારોબારી સભ્યો, સક્રિય સભ્યો અને ગ્રામ સમિતિના સભ્યોએ કરવી જોઈએ. તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા ઉપરના કામો તથા પ્રમુખ સ્થાનેથી લેવાનાં થતાં કામો પૂર્ણ થતાં પ્રમુખશ્રીએ હાજર રહેલા તમામ સભ્યોનો આભાર માની બેઠક સમાપ્ત જાહરે કરી.

**પ્રભુદાસ બી. ચૌધરી**
**મહામંત્રી**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ફેડરેશન**